# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૧ તા.૩-૧૨-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- દ્વિતીય સત્ર શિક્ષક તાલીમના આયોજન બાબત.

સંદર્ભ :- ૧. જસભ/તલમ/૨૦૧૮/૪૧૮૧-૮૨ તા.૩-૧૨-૧૮નો પત્ર.

૨. જસભ/તાલીમ/૨૦૧૮/૪૧૫૯-૬૩ તા.૩૦-૧૧-૧૮નો પત્ર.

આથી મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે બીજા સત્રમાં એન.સી.ઈ.આર.ટી.ના નવા પાઠ્યપુસ્તકની શિક્ષક તાલીમ યોજવાની થાય છે.જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર દ્વારા નીચે જણાવેલા સ્થળોએ તાલીમનું આયોજન કરેલ છે. ધોરણ ૬ થી ૮ના ગણિત,વિજ્ઞાન અને ધોરણ-૩માં પર્યાવરણ ભણાવતા બધા શિક્ષકોને તાલીમ આપવાની થાય છે. તો આ તાલીમમાં શિક્ષકોને મોકલી આપશો.

| ક્રમ | ધોરણ અને વિષય | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ધો.૬ થી ૮ (ગણિત) | તા.૬-૧૨-૧૮ થી તા.૭-૧૨-૧૮ | ૧૦-૩૦ થી ૫-૩૦ |
| ૨ | ધો.૩ (પર્યાવરણ) | તા.૧૦-૧૨-૧૮ થી તા.૧૧-૧૨-૧૮ | |
| ૩ | ધો.૬ થી ૮ (વિજ્ઞાન અને ટેકનોલોજી) | તા.૧૩-૧૨-૧૮ થી તા.૧૪-૧૨-૧૮ | |

તાલીમમાં આવનાર શિક્ષકે પોતાના વિષય આધારિત પાઠ્યપુસ્તકો સાથે લઈ આવવાના રહેશે. દરરોજ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન ઓનએર દ્વારા બાયસેગ મારફતે પ્રસારણ થશે.

| યુ.આર.સી. ઝોન | તાલીમનું સ્થળ | તાલીમનું સરનામું |
|---|---|---|
| પૂર્વ | બાપુનગર શા.નં.૩ | કલ્યાણ કેન્દ્રની સામે, બાપુનગર |
| પશ્ચિમ | એલિસબ્રીજ શા.નં.૨ | ગીતાબાગ,સુવિધા કોમ્પ્લેક્ષની બાજુમાં |
| ઉત્તર | સરસપુર શા.નં.૧૩ | મીઠાપાણીના દરવાજા,સરસપુર |
| દક્ષિણ | કાંકરિયા શા.નં.૧ | વેદ મંદિર પાસે |

ઉપરોકત તાલીમ માત્ર ગુજરાતી માધ્યમના શિક્ષકોએ જ લેવાની હોવાથી યુ.આર.સી. ઝોન પ્રમાણે ઉપરોકત તાલીમ સ્થળોએ હાજર રહેવાનું રહેશે.

માસ્ટર ટ્રેનર્સની તાલીમ :

તા.૪-૧૨-૧૮ થી તા.૫-૧૨-૧૮ સવારે ૧૦-૩૦ થી ૧૭-૩૦ કલાક દરમ્યાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર ખાતે માસ્ટર ટ્રેનર્સની તાલીમનું આયોજન થયેલ હોવાથી યુ.આર.સી. દ્વારા નક્કી કરેલ વર્ગદીઠ ૩ તજ્જ્ઞ મોકલવાના થાય છે. તો તે તજ્જ્ઞોનોને રિસોર્સ પર્સનની તાલીમ માટે મોકલી આપશો.

તા.૩-૧૨-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૧-A તા.૩-૧૨-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઈનોવેટીવ કાર્ય કરતા શિક્ષકોને તાલીમમાં મોકલવા બાબત.

સંદર્ભ :- જસભ/તલમ/૨૦૧૮/૪૧૯૭-૯૮ તા.૩-૧૨-૧૮નો પત્ર.

આથી મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગની સૂચના અનુસાર અને જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના માર્ગદર્શન મુજબ દર વર્ષે જિલ્લા અને રાજ્યકક્ષાના ઈનોવેશન ફેરનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ના ઈનોવેશન ફેરના આયોજનની પૂર્વ તૈયારી માટે ડાયેટ દ્વારા ઈનોવેટીવ શિક્ષકોની કાર્યશાળા રાખવામાં આવેલ છે. તો આપની શાળામાં જે શિક્ષકે ઈનોવેટીવ કાર્ય કરેલ છે તેવા શિક્ષકોને નીચે જણાવેલ સ્થળે અને સમયે કાર્યશાળામાં મોકલી આપશો.

સ્થળ :- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર

તારીખ :- ૮-૧૨-૨૦૧૮ થી ૧૨-૧૨-૨૦૧૮

સમય :- સવારે ૧૦-૩૦ કલાક

નોંધ :- ઈનોવેશન કાર્યશાળામાં જનાર શિક્ષકોની જાણ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીને કરવાની રહેશે.

તા.૩-૧૨-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી